## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પંડિતજી... એન્ટી - પજર્ન્ય યજ્ઞ કે એવું કાંઈ, આ વરસાદ રોકવા કરી શકાય...??

# માણસા-કલોલમાં વરસાદનું જોર યથાવત

## ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના તળાવો છલોછલ : ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષો પડી જવાની ઘટનાઓ : માણસામાં ૬૦ લોકોનું સલામતિના કારણોસર સ્થળાંતર કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૩

માણસા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ છેલ્લા ચોવીસ કલાકમાં નોંધાતાં માણસા નગરપાલિકા વિસ્તારના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. માણસાના આંબા તળાવમાં પાણીની આવક થતાં તળાવ કિનારે વસેલા ૬૦ જેટલા લોકોનું સ્થળાંતર તંત્રના અધિકારીઓએ સલામતિના પગલાં રૂપે કરાવ્યુ છે.

જિલ્લામાં આજે માણસાના વરસાદ સિવાય કલોલમાં પણ ૧।। ઈંચ જેટલો વધુ વરસાદ આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં નોંધાતા ગ્રામ્ય વિસ્તારના તળાવો છલોછલ થઈ જવા પામ્યા છે. ગાંધીનગર અને દહેગામમાં આજે વરસાદ ફર ફર જેવો સતત વરસ્યો હતો. જોકે તે ૧ ઈંચ જેટલો હોવાનું મનાઈ રહ્યું છે.

કલોલ-માણસામાં આજે વરસાદે તોફાની બેટીંગ ચાલુ રાખી હતી. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં વૃક્ષો પડવાની ઘટનાઓ પણ છુટી છવાઈ નોંધાઈ છે.

રૂપાલ રાંધેજા વચ્ચે ત્રણેક જેટલા વૃક્ષો પડી ગયા હતા તો કેટલાક વૃક્ષોની ડાળીઓ તુટી પડી હતી. આ ઉપરાંત રૂપાલ-નારદીપુર માર્ગ વચ્ચે પણ કેટલાક વૃક્ષોની ડાળીઓ તુટી પડ્યાનું જાણવા મળેલ છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જુના પુરાણા વૃક્ષો પડ્યાના અહેવાલો છે.

કલોલ શહેરના નીચાણવાળા વિસ્તારોમાંઆજેપણપાણીભરાઈ જતાં જનજીવન પર તેની અસરો પડી હતી. રવિવારની રજા હોવા છતાં જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે લોકોએ ઘરમાં રહેવાનુ વધુ પસંદ કર્યું હતું.

ગ્રામ્ય વિસ્તારોના તળાવોમાં પાણીની નવી આવક થતાં તળાવો છલોછલ ભરાઈ જવા પામ્યા છે. ગઈકાલે કલોલના સાંતેજ વિસ્તારમાં દિવાલ ધસી પડતાં ગંભીર રીતે ઘવાયેલ બીજા બાળકનું પણ સારવાર દરમ્યાન મોડી રાત્રે અવસાન થતાં સાંતેજ પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## રતનપુર લાટ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષપ્રેમી વરિષ્ઠ નાગરિકો દ્વારા વૃક્ષારોપણ હાથ ધરાયુ

સમગ્ર ગુજરાતમાં મેઘરાજાની મહેર થતાં જુલાઈ માસમાં વન મહોત્સવની ઉજવણી ઠેર ઠેર સંસ્થાઓમાં થઈ રહી છે. ત્યારે વૃક્ષો



વાવો-વરસાદ લાવો પર્યાવરણ બચાવોના સુત્રને ચરિતાર્થ કરવા સૌ વૃક્ષપ્રેમીઓ માનવધર્મ બજાવવા તત્પર બન્યા છે. ત્યારે તાલુકાના મગોડીલાટ પાસે રતનપુર લાટની પ્રાથમિક શાળાના પટાંગણમાં હરિયાળુ વન બનાવવા આ પંથકના જાગૃત વરિષ્ઠ નાગરિકો પોતાની શૈક્ષણિક સંકુલમાં બાળકો સારા વાતાવરણમાં અભ્યાસ કરે તેવા હેતુસર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં મોટાભાગે કચ્છી પાટીદાર સમાજ વસવાટ કરતા પરિવારોના બાળકો શાળામાં અભ્યાસ અર્થે આવે છે. શાળા સંકુલનુ હરિયાળુ વાતાવરણ જળવાય અને શાળાની રોનક આહલાદક બને તેવા પ્રયાસરૂપે સૌ વરિષ્ઠ નાગરિકો શ્વેત પોષાકધારી વૃક્ષપ્રેમીઓએ વૃક્ષો વાવી અને જળસિંચન કરી, તન-મનથી પુરૂષાર્થ કરવા હરહંમેશ વૃક્ષનુંજતન કરીશુ તેવી પ્રતિજ્ઞા સાથે વનમહોત્સવની ઉજવણીમાં સહયોગી બનવા બદલ શાળાના આચાર્ય અશોકભાઈ પટેલે સેવાયજ્ઞને અભિનંદન પાઠવ્યા હતા.

# પાણીના પ્રશ્ને ગોપાલક યુવા સંગઠન દ્વારા ધરણા

## અનેક રજુઆતો છતાં સે-૨૬ માલધારી વસાહતમાં પાણી મળતુ નથી

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેકટર-૨૬ ખાતે માલધારી વસાહતમાં, પેથાપુર નગરપાલિકા કે સે-૨૬ તરફથી પણ પાણી આપવામાં આવતું નથી. પાણીના આ પ્રશ્નને પગલે અનેકવાર રજુઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નિરાકરણ નહી આવતા આખરે ગોપાલક યુવા સંગઠન દ્વારા ગાંધીનગર સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ રાખી કલેકટરને આવેનદપત્ર આપવામાં આવનાર છે.

ગાંધીનગર ગોપાલક યુવા સંગઠન દ્વારા આ ધરણાના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. સેકટર-૨૬ ચેહરનગરમાં રહેતા માલધારી વસાહતીઓને પાણી ન મળતું હોવાનો પ્રશ્ન ઘણા સમયથી ચાલ્યો આવે છે. મુખ્યમંત્રી સુધી આ મામલે રજુઆતો કરવામાં આવી હોવા છતા પાટનગરમાં જ પાણીની આ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. આ સ્થળે નવો પાણીનો બોર બનાવવાની માંગણી સાથે ગાંધીનગર ગોપાલક યુવા સગંઠન દ્વારા આવતી કાલે સોમવારે સવારે ૧૧ વાગ્યે સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેસવાની જાહેરાત કરવામાં આવી છે. ધરણ બાદ જિલ્લા કલેકટરને આ અનુસંધાને આવેદનપત્ર પણ આપવામાં આવનાર છે.

# સવા લાખ રૂદ્રાક્ષ શિવલિંગના દર્શન

ગુરુધામ આશ્રમ, બાલવા ચોકડી, બાલવા ગામ ખાતે સવા લાખ રૂદ્રાક્ષનું ૧૧ ફુટ ઉંચું શિવલીંગ બનાવવામાં આવ્યું છે. પવિત્ર શ્રાવણ માસમાં આ શિવલીંગના દર્શન કરવા ભકતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવજીને પ્રસન્ન કરવા ભકતો અલગ અલગ પુજા-મંત્ર-જાપ-સાધના-અભિષેક-યજ્ઞ કરાવે છે. શિવ મહાપુરાણ ગ્રંથમાં અને સંતો દ્વારા કહેવાયું છે કે રૂદ્રાક્ષ એ શિવનું અંગ એટલે શિવ સ્વરૂપ છે અને એમાં પણ એક સાથે સવા લાખ રૂદ્રાક્ષના દર્શન કરવાથી સ્વયં મહાદેવના દર્શન કરવાનું પુણ્ય મળે છે.સવા લાખ રૂદ્રાક્ષનું ૧૧ ફુટ ઉંચા શિવલીંગના દર્શન કરવા સાથે શિવકથા સત્સંગ, ભજન, આનંદનો ગરબો, સુંદરકાંડ પાઠ જેવા ધાર્મિક પ્રસંગમાં પધારવા સૌ ભકતોને શ્રી દિલીપ ગુરુજી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ડભોડામાં તસ્કરોએ બે જવેલર્સ સહીત ત્રણ દુકાનોના શટર તોડયા

## દાગીના તથા રોકડ મળી ત્રણેય દુકાનોમાંથી ૬૧ હજારની ચોરી : દુકાનના શટર ઉંચા કરી નાંખીને ઘરફોડ કરી

ગાંધીનગર, તા. ૨૩

રાત્રી દરમિયાન ચાલુ વરસાદમાં ચિલોડા નજીક આવેલા ડભોડા ગામમાં તસ્કર ટોળકીએ સોલંકી, પ્રતિકકુમાર રમેશભાઈ સોલંકી અને મેલાજી રાયસંગજી ખાંટ ત્રણેય વેપારીઓની દુકાનોને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. શ્રીનાથ જવેલર્સમાંથી




રૂ. ૪૧ હજારના સોના-ચાંદીના દાગીના, શ્રી હરી જવેલર્સમાંથી ૧૭ હજારના દાગીના અને જયલક્ષ્મી કિરાણા સ્ટોર્સના ગલ્લામાંથી રોકડ રૂ. ૩ હજાર મળી તસ્કરોએ બે જવેલર્સ અને એક કિરાણા સ્ટોર્સમાંથી મળી રૂ. ૬૧ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ત્રણેય દુકાનોના શટર નીચે કોંસ મારીને શટર ઉંચું કરી ઘરફોડ કરવામાં આવી છે. આ શટર તોડ ગેંગ ઘણા સમય પછી તરખાટ મચાવ્યો હતો. શટર તોડ ગેંગ પુનઃ સક્રીય થઈ છે. રાત્રે બે જવેલર્સ સહીત ત્રણ દુકાનોના શટર તોડી તસ્કર ટોળકીએ અંદરથી ૬૧ હજારની કિંમતના દાગીના તથા રોકડની માલમત્તાની ચોરી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. દુકાનદારની ફરિયાદને આધારે ડભોડા પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.




ડભોડાથી સાલુજીના મુવાડા તરફ જતા માર્ગ પર સ્થિત ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષમાં ગઈ કાલે રાત્રી દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. રાત્રે ૮ થી સવારના ૬ વાગ્યાના અરસામાં ત્રાટકેલી ગેંગે ત્રણ દુકાનોના શટર તોડયા હતા. રાહુલકુમાર શૈલેષભાઈ જિલ્લામાં પુનઃ સક્રીય થઈ છે. ડભોડા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ ડી.બી. વાળાએ વધુ તપાસ શરુ કરી છે.

# IAS પંકજકુમાર સિંઘમના રોલમાં, ૨૮ ડિપાર્ટમેન્ટ પૈકી માત્ર રેવન્યુ લાઈવ, બાકી બધાં ઓફલાઈન

ગુજરાતના વહીવટી તંત્રમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટે કમાલ કરી છે. ચોમાસાની સિઝનમાં પૂરની આપત્તિને પહોંચી વળવા આ વિભાગે દિન-રાજ જોયા વિના અવિરત કામ કર્યું છે. સોશ્યલ મિડીયાના સહારે બચાવ અને રાહત કાર્યો કર્યા છે જે સરાહનિય છે. રેવન્યુ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી પંકજકુમારની આ દેન છે. તેમણે ચોમાસા પૂર્વે જિલ્લા કલેક્ટરોના ટ્વિટર એકાઉન્ટ ખોલીને લોકોની ફરિયાદોનો નિકાલ કરવાની સ્પષ્ટ સૂચના આપ્યા પછી રાજ્યના ૩૩ જિલ્લા એક્ટિવ બની ચૂક્યાં છે. આ આદેશની સાઈડ ઈફેક્ટમાં ઘણાં વિભાગો આવી ચૂક્યાં છે. પંકજ કુમારની જેમ હોમ, શિક્ષણ, આરોગ્ય. ઉદ્યોગ, શ્રમ અને રોજગાર તેમજ શહેરી વિકાસ જેવા વિભાગોના સુપ્રિમો જો આવી સોશ્યલ સર્વિસ એક્ટિવ

### મોદી કેબિનેટનું વિસ્તરણ કરે છે પરંતુ તેમાં ગુજરાતે હરખાવા જેવું કંઇ નથી

કરશે તો ગુજરાતનું વહીવટી તંત્ર આખા દેશમાં સર્વોપરી હશે. પંકજ કુમારની આ સિસ્ટમની નવી દિલ્હીમાં પણ પ્રસંશા થઈ રહી છે. રાજ્યને કોઈ ટેકનોસાવી ઓફિસર મળે તો વહીવટમાં કેટલા બધાં ચેઈન્જ આવી જાય છે તેનો સીધો દાખલો રેવન્યુ ડિપાર્ટમેન્ટનો છે.

● **ઓગષ્ટના અંતે મોદી કેબિનેટનું વિસ્તરણ કરશે**

ચાલો તૈયાર થઈ જાવ, મોદી તેમની તેમની કેબિનેટનું વિસ્તરણ કરી રહ્યાં છે. તેમની સાડા ત્રણ વર્ષ જૂની સરકારનું આ ત્રીજું વિસ્તરણ હશે. તેઓ મનોહર પરિકર, વૈંક્યા નાયડુ અને અનિલ દવેની જગ્યાએ નવા ચહેરા મૂકી શકે છે. એ ઉપરાંત કલરાજ મિશ્રા અને જે.પી.નડ્ડાની જગ્યાએ રિપ્લેસમેન્ટનો પણ તેમનો વિચાર છે. ગુજરાતમાંથી કેન્દ્રિય મંત્રીઓ પુરતા પ્રમાણમાં છે પરંતુ આવી રહેલી ચૂંટણીઓને જોતાં મોદી રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ અને મહારાષ્ટ્રને પ્રતિનિધિત્વ આપે તેમ મનાય છે. હાલ સંસદનું સત્ર ચાલી રહ્યું છે પરંતુ તે પૂર્ણ થાય કે તુરત જ મોદી કેબિનેટનો વિસ્તાર કરશે એમ મનાય છે. એટલે કે ઓગષ્ટ મહિનાના અંત સુધીમાં વિસ્તરણ શક્ય છે. તેઓ આ વખતે સંગઠનમાંથી પણ સભ્યોની પસંદગી કરે તેવી શક્યતા છે.

● **અહો આશ્ચર્યમ્: અરવિંદ અગ્રવાલને નો CS ચાર્જ...**

ગુજરાતના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ જાપાનના પ્રવાસે ગયા હોવાથી તેમની જગ્યાએ વધારાનો હવાલો અરવિંદ અગ્રવાલને આપવામાં આવ્યો છે. આ અરવિંદ અગ્રવાલ સામે સુરતના જીઆઈડીસીના એક કૌભાંડમાં સંડોવણી બદલ તપાસ ચાલી રહી છે. ડો. મંજુલા સુબ્રમણ્યમની તપાસ સમિતિના રિપોર્ટના આધારે તેમને સરકારને સજા પણ કરી હતી છતાં સરકારે વહીવટનું સર્વોચ્ચ પદ આપ્યું છે. રાજ્યમાં સુજીત ગુલાટી અને અનિલ મુકીમ જેવા સિનિયર અને કાબેલ ઓફિસરો હોવા છતાં અરવિંદ અગ્રવાલને વધારાનો હવાલો આપવા પાછળનું કારણ સમજાય તેવું નથી. અગ્રવાલ હાલ ફોરેસ્ટ વિભાગના અધિક મુખ્ય સચિવ છે. તેમને ૨૨મી જુલાઈ થી ૨૮મી જુલાઈ સુધી ચીફ સેક્રેટરીની જગ્યાનો હવાલો સોંપવામાં આવ્યો છે. સચિવાલયમાં આશ્ચર્ય ફેલાય તેવી આ નિમણૂક છે.

● **આપત્તિને અવસર કોંગ્રેસ બનાવી ન શકે...**

આપત્તિને અવસરમાં પલટી નાંખવાની કળા નરેન્દ્ર મોદી પાસે છે. ગુજરાતમાં તેમણે જેટલા સમય સુધી શાસન કર્યું તેટલા સમયમાં તેમની પર અનેક આપત્તિઓ આવી છે. પાર્ટીના નેતાઓની નારાજગી, વિપક્ષનું હલ્લાબોલ, વિરોધીઓની પ્રવૃત્તિઓ, ગોધરાકાંડ અને બીજી અનેક સમસ્યાઓનો તેમણે સામનો કર્યો છે. મોદીની સામે કોંગ્રેસના નેતાઓ કેટલા પાંગળા છે તે શંકરસિંહ વાઘેલાના બર્થ-ડે બોમ્બથી સાબિત થાય છે. કોંગ્રેસના નેતાઓને આપત્તિ સામે લડતા આવડતું નથી. ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી વખતે વિઠ્ઠલ રાદડિયા અને નરહરિ અમીન ભાજપમાં જોડાયા પરંતુ કોંગ્રેસ મેનેજ ન કરી શકી. ૨૦૧૭માં મોટું જોખમ છે છતાં કોંગ્રેસ મેનેજ કરી શકતી નથી. કોંગ્રેસની હારમાં જો કોઈ સૌથી મોટું જવાબદાર પરિબળ હોય તો તે કોંગ્રેસ જ છે, ભાજપ નથી. કેમ કે કોંગ્રેસને તેના નેતાઓ સામે લડતા આવડતું નથી. આપત્તિને અવસરમાં પલટી નાંખવાની કોંગ્રેસમાં તાકાત નથી.

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

● **ભારત હિન્દુરાષ્ટ્ર નહીં, સંઘરાષ્ટ્ર બની ચૂક્યું છે**

ભારત હિન્દુરાષ્ટ્ર બને કે ન બને પરંતુ સંઘ રાષ્ટ્ર તો બની ગયું છે. ભાજપ માટે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિનું પદ એક સપનું હતું. ભાજર અને સંઘ પરિવારે સત્તા માટે લોહી-પાણી એક કર્યા છે. વર્ષો સુધીનો ઈન્તજાર કર્યો છે. હવે એ સુખના દિવસો આવ્યા છે. કોંગ્રેસના નેતાઓ ભાજપ અને સંઘના નેતાઓને ચડ્ડી કરીને ચીડવતા હતા પરંતુ હવે સંઘમાં પેન્ટ પણ આવી ગયા છે અને ટોપ ટુ બોટમ સંઘ પરિવાર છવાઈ રહ્યો છે. આજે સ્થિતિ એવી છે કે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિના પદ પર સંઘના નેતાઓ છે. ઉપરાષ્ટ્રપતિ અને ભાજપના તારણહાર એટલે કે રાષ્ટ્રીય પ્રમુખ પણ સંઘ પરિવારના ગોત્રના છે. ગુજરાતમાં તો ૧૯૯૫થી ભાજપની સરકારમાં પક્કડ છે. રાજ્યના વહીવટમાં પણ સંઘ પરિવારની આઈડિયોલોજીને વરેલા ઓફિસરો ટોપ પોસ્ટ પર ફરજ બજાવે છે. સંઘનો એજન્ડા હિન્દુરાષ્ટ્રનો છે પરંતુ અન્ય ધર્મોના કારણે આપણને એ બિરૂદ મળી શકતું નથી. હા, ભારત સંઘ રાષ્ટ્ર જરૂર બન્યું છે.

### ચૂંટણીમાં ભાજપ ઇચ્છે તેની ટીકીટ કાપી શકશે, ઇચ્છે તેને પ્રવેશ કરાવી શકશે

● **કોંગ્રેસમાં હવે ઇન્દિરા ગાંધીના નામે મત લેવાશે...**

કોંગ્રેસ પાસે રાષ્ટ્રીય લેવલના કોઈ નેતા રહ્યાં નથી કે જે નરેન્દ્ર મોદીની શક્તિ સામે ટકી શકે તેથી કોંગ્રેસે નવી બોટલમાં જૂનો દારૂ ભરવા જેવું કામ કર્યું છે. પાર્ટીએ એક સમયના શક્તિશાળી નેતા ઈન્દિરા ગાંધીના નામને ૨૦૧૯માં વહેતું કરવાનું નક્કી કર્યું છે. આજની નવી પેઢીને ઈન્દિરાની શક્તિઓની ખબર નથી તેથી કોંગ્રેસે એકસાથે ૨૦ એવા પુસ્તકો બહાર પાડ્યા છે કે જેમાં ઈન્દિરા ગાંધીની પ્રસંશા કરવામાં આવી છે. કોંગ્રેસ પાસે રાહુલ ગાંધી એક શસ્ત્રના સ્વરૂપમાં ઉભરી આવ્યા નથી તેથી રાહુલના દાદીને આગળ કરવામાં આવી રહ્યાં છે. અટલ બિહારી વાજપેયીએ ઈન્દિરા ગાંધીને દુર્ગા કહ્યા હતા. સંઘ પરિવારે પણ ઈન્દિરાની તાકાતને નારી શક્તિના રૂપમાં વર્ણવી છે. સંઘના સુપ્રિમોએ તો કહ્યુ હતું કે ઈન્દિરા ગાંધી લોખંડી લેડી હતા. તેમની નિર્ણયશક્તિ ગજબની હતી. ૨૦૧૯માં કોંગ્રેસ પાસે ઈન્દિરા ગાંધીના પડછાયાના રૂપમાં પ્રિયંકા ગાંધી છે પરંતુ તેનો ઉપયોગ કરવાની જગ્યાએ કોંગ્રેસના સિનિયર નેતાઓ ઈન્દિરા ગાંધીને આગળ કરી ઈલેકશન જંગ જીતવા નિકળી રહ્યાં છે.

● **મોદી એક બ્રાન્ડ નેમ, ૧૦ કરોડનો વકરો...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક બ્રાન્ડ નેમ થઈ ગયું છે. જ્યાં પણ તેમના નામનો ઉપયોગ થાય છે તે બ્રાન્ડ મશહૂર બની જાય છે. બોલિવુડમાં અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન બ્રાન્ડ છે તેમ પોલિટીક્સમાં નરેન્દ્ર મોદી બ્રાન્ડ છે. ભારતમાં ટ્વિટર પર સૌથી વધુ ફોલોઅર્સ મોદીના છે. મોદી આજે સોશ્યલ સાઈટમાં નંબર વન છે. ગુગલમાં તેમના જેટલા ફોટા બીજા કોઈ નેતાના નથી. રેડિયો પર મન કી બાત કરીને મોદી પોપ્યુલર બન્યા છે પણ રેડિયો પણ પોપ્યુલર થયો છે. મન કી બાત મોદીએ ૨૦૧૪માં શરૂ કરી હતી. છેલ્લા બે વર્ષમાં રેડિયોએ ૧૦ કરોડનો બિઝનેસ કર્યો છે જે અગાઉ ક્યારેય કોઈ પ્રોગ્રામમાં થયો નથી. મોદી એ રેડિયો માટે રેવન્યુ જનરેશનનું એક નિમિત્ત બન્યા છે. એટલું જ નહીં, ભાજપના ચૂંટણી લડતા ઉમેદવારો તેમના ભાષણની શરૂઆત નરેન્દ્ર મોદીના નામથી કરે છે. તેમને વિશ્વાસ છે કે મોદી તેમના તારણહાર બની જશે. આ બ્રાન્ડના સહારે જ ગુજરાતનું ભાજપ એકમ ૨૦૧૭ની વૈતરણી પાર કરવા માગે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જ કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી મોદીના નામ પર લડાશે.

● **ગુજરાતમાં હવે દરિયાઇ સફરના દિવસો આવ્યા...**

ગુજરાતમાં કચ્છના માંડવી થી ઓખાની રો-રો ફેરી સર્વિસ શરૂ થયા પછી દહેજ-ઘોઘાની રો-રો ફેરી સર્વિસ શરૂ થઈ રહી છે. સરકારનું પ્લાનિંગ છે કે આ સર્વિસ ઓગષ્ટ મહિનામાં શરૂ થશે એટલે કે બે મહિના પછી ગુજરાતને બીજી દરિયાઈ સર્વિસ મળી રહી છે. કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારે બીજા પાંચ રૂટ પસંદ કર્યા છે કે જ્યાં ફેરી સર્વિસ શરૂ કરવામાં આવશે. આ ફેરી સર્વિસથી કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારાના પ્રવાસનને વેગ મળશે. કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્લાનિંગ સાથે ટૂંક સમયમાં જામનગર-મુન્દ્રા, સુરત-મહુવા, સુરત-વિક્ટર, પીપાવાવ-મુંબઈ, દમણ-દીવ રૂટ પણ શરૂ કરાશે. આ નવા રૂટ માટે ફેરી સર્વિસ આપી શકે તેવા નોર્વેના જહાજને ખરીદવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કચ્છ સાગરસેતુ યોજનાના ભાગરૂપે ગુજરાત મેરી ટાઈમ બોર્ડ સાથે શરૂ કરાયેલી ઓખા-માંડવી ફેરીએ અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ ટ્રિપ પૂર્ણ કરી છે. દ્વારકા-કચ્છ ફેરી સર્વિસથી ગુજરાત ખરાઅર્થમાં સાગરસેતુ બન્યું છે.

● **ભાજપના ૪૦ થી ૪૫ ધારાસભ્યો રડારમાં...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૦૧ પછી પહેલીવાર એવું બનશે કે જેમાં નરેન્દ્ર મોદી, આનંદીબહેન પટેલ કે અમિત શાહ ઉમેદવાર નહીં હોય, એટલે કે મણીનગરની જેમ હવે નારણપુરા અને ઘાટલોડિયાની બેઠક માટે ઉમેદવારો પસંદ કરવાના રહેશે. ઘાટલોડિયા માટે હાલ તો આનંદીબહેન પટેલની પુત્રી અનાર પટેલનું નામ ચાલી રહ્યું છે. પહેલાં આ બેઠક માટે નિતીન પટેલનું નામ હતું પરંતુ નિતીન પટેલે જ ખુદ જાહેર કર્યું છે કે હું મારો મહેસાણાનો મતવિસ્તાર બદલવાનો નથી. તેમણે કહ્યું હતું કે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ તેમનો મતવિસ્તાર બદલવાના નથી. ભાજપના હાઈકમાન્ડમાં એવું મંથન ચાલી રહ્યું છે કે હાલના ધારાસભ્યોના મતવિસ્તાર બદલવા કરતાં ઉમેદવારને જ બદલીએ તો એ ઉચિત રહેશે, આમ છતાં સૂત્રો કહે છે કે ૪૦ ટકા ધારાસભ્યો એટલે કે ૪૫ થી ૫૦ ધારાસભ્યોની ટીકીટ કપાય તેવી સંભાવના છે.

### સવા સો વર્ષ જૂની કોંગ્રેસ પાર્ટીના ભાથામાં તીર કેમ ખૂટે છે તે સમજાતું નથી

● **ખેડૂતોને બચાવવા આ ફોર્મ્યુલા તપાસી જુઓ...**

ભારતમાં ગયા વર્ષે ૧૧૪૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી છે આ આંકડો ૨૦૧૫માં ૧૨૬૦૦ હતો. સરકાર એવું ગૌરવ લઈ રહી છે કે ખેડૂતોની આત્મહત્યાના કિસ્સા ઘટ્યાં છે પરંતુ આવા આંકડા કોઈને જોઈતા નથી. હકીકતની ઉંડાઈમાં ઉતરવું પડે તેમ છે. ભારતના વિવિધ રાજ્યો જેવાં કે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં ખેડૂતો આત્મહત્યા વધુ કરે છે તેનું મુખ્યકારણ ખેતી સાથે પશુપાલન વ્યવસાયને તેમણે જોડ્યો નથી તે છે. ગુજરાતમાં પ્રમાણમાં ખેડૂત આત્મહત્યાનું પ્રમાણ અન્ય રાજ્યોની સરખામણીએ ઓછું છે અને તેનું એક સિમ્પલ કારણ એક કૃષિ તજજ્ઞ જણાવે છે કે- ગુજરાતમાં જે ખેડૂતોએ ખેતી સાથે પશુપાલન વ્યવસાયને સ્વિકાર્યો છે તેવા પરિવારોમાં આત્મહત્યાનું પ્રમાણ નહિવત છે. આ દિશામાં ગુજરાત દેશમાં મોડલ છે. કહેવાય છે કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગુજરાતના આ મોડલને સ્વિકારવાનું નક્કી કર્યું છે. તેઓ તેમના પ્રદેશમાં ખેડૂતોની આત્મહત્યાના બનાવો નિયંત્રણમાં લાવવાનું વિચારી રહ્યાં છે.

● **નર્મદાની રાજનિતી પૂર્ણ, કલ્પસરનો વારો...**

ગુજરાતની બહુહેતુક નર્મદા યોજના તો પૂર્ણ થઈ છે. ૨૦૧૭માં ગેટ બંધ કર્યા પછી હવે ગુજરાતને પાણીની મુશ્કેલી પડશે નહીં. આ યોજના પાછળ કુલ ૬૦,૦૦૦ કરોડનો ખર્ચ થયો છે અને હજી નર્મદાના પાણી ખેતર સુધી પહોંચતાં બીજા ૮ થી ૧૦ હજાર કરોડનો ખર્ચ થવાનો છે. જો કે આ ઓનગોઈંગ પ્રોસેસ છે. હવે સરકારે કલ્પસર યોજના પાછળ ધ્યાન કેન્દ્રીય કર્યું છે. આ યોજના પાછળ અત્યાર સુધીમાં માત્ર અભ્યાસો જ થયાં છે. રિયલ બાંધકામ સરકાર શરૂ કરી શકી નથી પરંતુ ભાજપના ૨૦૧૭ થી ૨૦૨૨ના પાંચ વર્ષના ચૂંટણી ઢંઢેરામાં કલ્પસરન સ્થાન આપવામાં આવ્યું છે. આ યોજના જો ૨૦૧૮માં શરૂ કરવામાં આવે તો તેને પૂર્ણ કરવામાં બીજા ૧૦ વર્ષ નિકળી જાય તેમ છે. ભાજપના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે, ત્યારબાદ નરેન્દ્ર મોદીએ પણ આ પ્રોજેક્ટ માટે ઝડપ કરાવી હતી. હવે આ પ્રોજેક્ટને શરૂ કરવાની હિલચાલ શરૂ થઈ ચૂકી છે.